ગુજરાતે કરી બતાવ્યું : ૧૦ કરોડ ડોઝ વેક્સિનેશન સિધ્ધિ

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે ગુજરાત રાજ્યની કોરોના રસીકરણ ૧૦ કરોડ ડોઝની સિધ્ધિ સંદર્ભે સવારે ૧૦.૧૦ મીનિટે અમદાવાદના સનાથલ ગામમાં ''હર ઘર દસ્તક'' દઈ ગ્રામજનોમાં રસીકરણ માટે જુસ્સો વધાર્યો હતો. ગુજરાતમાં કોરોના રસીકરણના ૧૦ કરોડ ડોઝ થયા હોવાના અવસરે અમદાવાદ જિલ્લાના પ્રભારી અને રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે સનાથલ ગામ થકી રાજ્યના તમામ નાગરિકોનો ઉત્સાહ વધાર્યો હતો. રાજ્યમાં કોરોના રસીકરણના ૧૦ ડોઝ પૂર્ણ થવાની અદ્વિતીય સિદ્ધિ બદલ મંત્રીએ રાજ્યના આરોગ્યકર્મીઓ અને નાગરિકો પ્રત્યે આભારભાવ પ્રગટ કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૧૬ મી જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ દેશભરમાં શરૂ થયેલા કોરોના રસીકરણ મહાઅભિયાન સંદર્ભે અકલ્પનીય કામગીરી ''ગુજરાતે કરી બતાવ્યું છે - ૧૦ કરોડ ડોઝ'' આરોગ્ય મંત્રીશ્રી એ કોરોના મહામારીમાં સમગ્ર રાજ્યે એકજૂથ થઈને કોરોના રસીકરણને આવકારી આ સિધ્ધિને સિધ્ધ કરી છે તેમ જણાવી રાજ્યના તમામ કોરોના વોરીયર્સ, હેલ્થકેર વર્કસ, આંગણવાડી કાર્યકરો અને નાગરિકો ૧૦ કરોડ ડોઝની સિધ્ધી સંદર્ભે અભિનંદન પણ આપ્યા હતા.

જાન્યુઆરી માસમાં વાયબ્રન્ટ સમિટ યોજવાની પૂર્ણ તૈયારીઓ કરી લેવાઈ હતી પરંતુ તે જ સમયે કોરોનાની ત્રીજી લહેર શરૂ થઈ જતાં આયોજનને સ્થગિત કરાયુ હતુ. વાયબ્રન્ટ સમિટ માટે મહાત્મા મંદિરની આસપાસ સિમેન્ટના બ્લોક્સ નાંખવામાં આવ્યા હતા. આ બ્લોક્સને ઉખેડી નાંખવામાં આવ્યા છે પરંતુ તેને હજુ યોગ્ય જગ્યાએ મુકવામાં ન આવતા તે રસ્તા પર પડેલા જોવા મળી રહ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વેક્સિનેશન કામગીરીમાં સેવાદાન આપતા કર્મીઓ-કોરોના વોરિયર્સને પાઠવ્યા અભિનંદન

કોરોના મહામારી સામે રક્ષણાત્મક એવા હાથવગા હથિયાર કોરોના વેક્સિનના ૧૦ કરોડથી વધુ ડોઝ નાગરિકોને આપવાની સિદ્ધિ ગુજરાતે મેળવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નાગરિકોને કોરોના વેક્સિનેશનનું સુરક્ષા કવચ આપવા સતત કાર્યરત રહેલા આરોગ્ય કર્મીઓ અને ફ્રન્ટલાઈન વર્કર્સ, કોરોના વોરિયર્સને આ સેવા સિદ્ધિ માટે અભિનંદન પાઠવ્યા છે.

ગુજરાતમાં કોરોના વેક્સિનેશનનો પ્રારંભ સમગ્ર દેશ સાથે તા. ૧૬મી જાન્યુઆરી-૨૦૨૧થી કરવામાં આવ્યો હતો. તા. ૩૧ જાન્યુઆરી-૨૦૨૧થી ફ્રન્ટલાઈન વર્કર્સનું રસીકરણ શરૂ કરનારૂ ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય બન્યું હતું.

રાજ્ય સરકારે આ વેક્સિનેશન અભિયાનને ઝુંબેશના સ્વરૂપમાં ઉપાડીને સ્પેશ્યલ સેશન, શાળા-કોલેજો શૈક્ષણિક સંસ્થાઓમાં ખાસ કેમ્પ, વૃદ્ધો અને અન્ય ગંભીર બિમારી ધરાવતા લોકોને નિયર ટુ હોમ સ્ટ્રેટેજી થકી પ્રાયોરિટી ધોરણે વેક્સિનેશન સહિત 'હર ઘર દસ્તક' અભિયાનથી રાજ્યભરમાં રસીકરણથી બહુધા લોકો રક્ષિત થઈ જાય તેની સતત કાળજી લીધી હતી.

આ સઘન ઝુંબેશ અને જનજાગૃતિના પ્રયાસો વેગવંતા બનાવી ગુજરાતમાં ૧૮ વર્ષથી વધુ વયના ૪ કરોડ ૮૭ લાખ ૧૧,૬૮૧ એટલે કે ૯૮.૮ ટકા લાભાર્થીને પહેલો ડોઝ, ૪ કરોડ ૫૯ લાખ ૩૬ હજાર ૪૮૧ એટલે કે પાત્રતા પ્રાપ્ત વયજૂથના ૯૫.૭ ટકાને બીજો ડોઝ આપી દેવાયો છે.

રાજ્યમાં કોરોનાના નવા ૨૫૦૨ કેસ

ગુજરાતમાં આજે કોરોનાના આંકડાઓમાં ફરી એકવાર ઘટાડો આવ્યો હતો. આજે કોરોનાના નવા ૨૫૦૨ કેસ નોંધાયા હતા. તો બીજી તરફ આજે ૭૪૮૭ દર્દીઓ સાજા થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૧,૬૧,૩૦૫ દર્દીઓ રિકવર થયા હતા. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૬.૨૩ ટકાએ પહોંચ્યો હતો. રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. આજે કુલ ૩,૨૫,૮૯૨ રસીના ડોઝ અપાયા હતા. હાલ કુલ ૩૩૬૩૧ એક્ટિવ કેસ છે. જે પૈકી ૧૯૯ દર્દીઓ વેન્ટિલેટર પર છે. જ્યારે ૩૩૪૩૨ સ્ટેબલ છે. બીજી તરફ ૧૧૬૧૩૦૫ દર્દીઓ રિકવર થઈ ચુક્યાં છે. કોરોનાને કારણે અત્યાર સુધીમાં કુલ ૧૦૭૧૬ દર્દીઓનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. આજે કોરોનાને કારણે કુલ ૨૮ નાગરિકોનાં મોત થયા છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે.હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૨૦ ને પ્રથમ અને ૧૮૩૭૪ ને બીજો ડોઝ અપાયો હતો. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૪૨૬૩ ને પ્રથમ અને ૬૬૭૯૭ ને બીજો ડોઝ અપાયો હતો. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૧૯૦૪૩ ને પ્રથમ અને ૫૫૫૮૭ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૮ વર્ષના તરૂણો પૈકી ૧૬૫૦૫ ને પ્રથમ અને ૧૦૬૩૨૩ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૩૮૯૮૦ ને પ્રિકોર્શન ડોઝ અપાયા હતા. આ પ્રકારે કુલ ૩૨૫૮૯૨ કુલ રસીના ડોઝ આજના દિવસમાં અપાયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૦૦૨૦૬૭૧૭ રસીના ડોઝ અપાયા હતા.

રાષ્ટ્રીય નાયી મહાસભા ગુજરાત દ્વારા કેશકલા બોર્ડ સ્થાપવા મુખ્યમંત્રી સમક્ષ રજુઆત

રાજ્યના નાયી, વાળંદ સમાજના ઉત્થાન માટે ગુજરાતમાં કેશકલા બોર્ડ સ્થાપવા માટે રાષ્ટ્રીય નાયી મહાસભા ગુજરાત પ્રદેશ દ્વારા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી. તે ઉપરાંત આગામી વિધાનસભા ચુંટણીમાં નાયી સમાજ વર્ષોથી બીજેપી સાથે જોડાયેલ હોવાથી બે થી વધુ બેઠકની ટીકીટ આપવી. જયારે ગાંધીનગરમાં નાયી સમાજના બાળકોને રહેવા તેમજ ભણવા માટે જમીન આપવામાં આવે તેવી માંગ સરકાર સમક્ષ કરવામાં આવી છે. નાયી-વાળંદ સમાજ આર્થિક રીતે મોટાભાગનો પછાત છે. સમાજના યુવાનો પગભર નથી, કારણ કે શિક્ષણ ઓછુ હોવાથી નોકરીઓ મળતી નથી. અત્યારના સમય પ્રમાણે આધુનિક સલુન બનાવવુ ખુબ જ જરુર છે. પરંતુ આધુનિક સલુન બનાવવા માટે આર્થિક રીતે સમાજ સધ્ધર નથી. જયારે હાઈ વે માર્ગ પર ખુરશી મુકીને સલુનની કામગીરી કરે છે. ગ્રામ્ય વિસ્તારમાં લાકડાના ગલ્લામાં સલુન ચાલે છે. શહેરમાં આધુનિક સલુન મોટાભાગના મુડીપતિઓના છે. જયાં નાયી સમાજના ભાઈઓ મજુરી કામ કરે છે. ત્યારે રાજયમાં નાયી સમાજનું ઉત્થાન કરવુ આવશ્યક છે. રાજયમાં કેશકલા બોર્ડની રચના કરી તેમાં નાયી સમાજના હોદેદારોની નિમણુંક કરવામાં આવે. જયારે કેશકલા બોર્ડની આર્થિક વ્યવસ્થા કરી સમાજના કારીગરોને સલુન બનાવવા સબસીડીવાળી લોન આપવામાં આવે તો સૌંદર્ય પ્રસાધનોના આધુનિક ઉપકરણો વસાવીને નાયી સમાજ આર્થિક રીતે પગભર બની રહેશે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતોને આત્મા દ્વારા ૧૫-૧૫ ની બેચમાં તાલિમ આપવાનો આરંભ થયો છે.
- ગાંધીનગર જિલ્લામાં સસ્ટેનેબલ ગોલ્સ જે નિયત કરાયા છે તેમાં ૬૦ થી વધુ ઈન્ડીકેટરમાં નબળુ પરફોમન્સ જણાતાં સંબંધિત અધિકારીઓની બેઠક કરાઈ હતી. આરોગ્ય અને શિક્ષણમાં ઈન્ડીકેટરો વધુ નબળી કામગીરી દર્શાવતા હોવાનું જાણવા મળેલ છે.
- ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન આજે ગાંધીનગરના આકાશમાં ૮ મિનિટ અને ૩૭ સેકન્ડ સુધી દેખાયુ હતુ જેનો નજારો નગરજનોએ હોંશથી માણ્યો હતો.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના વળતા પાણી થઈ રહ્યા છે. શહેર-જિલ્લામાં આજે ૧૨૫થી પણ ઓછા કેસ નોંધાયા છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં ગરમીનો દોર ધીમી ગતિએ આરંભાયો છે.
- દહેગામના સાંપા ગામના એક શખ્સનું ટ્રેક્ટર પલ્ટી ખાઈ જતાં દુઃખદ અવસાન થયુ છે.
- ગુજરાતી વિશ્વકોશ ભાગ ૧ થી ૨૫ હવે ઓનલાઈન ઉપલબ્ધ થયો છે.
- સચિવાલય આંતર વિભાગીય ટેબલટેનિસ સ્પર્ધાના મહિલા વર્ગમાં અમી રાવલ તથા પુરૂષ વર્ગમાં વિપુલ વસાવા વિજેતા બન્યા હતા.
- તેલના ભાવમાં રૂ. ૧૫ નો ડબ્બે વધારો થતાં ગૃહીણીઓ મુંઝવણમાં મુકાઈ છે.
- ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાનારી પરીક્ષા માટે કર્મચારી અનેઅધિકારીઓને આજે તાલિમ આપવામાં આવી છે.

બાળકોને વિદેશ મોકલી આપવાના બહાને તાંત્રિક એજન્ટે રૂ.૨૪.૫૦ લાખનો ચુનો ચોપડ્યો

તાંત્રિક-વિઝા એજન્ટે સોની પરિવાર પાસેથી લાખો રૂપીયા ખંખેર્યા, મહિલાએ રૂપીયા માંગતા એજન્ટના પુત્ર અને પત્નીએ મારી નાંખવાની ધમકી આપી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના રાંદેસણ વિસ્તારમાં રહેતા સોની પરિવારના મહિલાએ પોતાના પથારીવશ પતિ સ્વસ્થ થઈ જાય તે માટે તાંત્રિકને ઘરે બોલાવી વિધી કરાવી હતી. તે સમયે તાંત્રિકે વિઝા એજન્ટ તરીકે કામ કરતો હોવાનું કહીને સોની પરિવારના બે બાળકોને વિદેશી મોકલી આપવાના બહાને રૂ.૨૪.૫૦ લાખનો ચુનો ચોપડ્યો છે. ત્યારે તાંત્રિક એજન્ટ મૃત્યુ પામતા તેની પત્ની અને પુત્ર સામે શહેરની મહિલાએ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

ન્યું ગાંધીનગરના રાંદેસણ સ્થિત વેદીકા હેપ્પી વેલી ખાતે રહેતા ઉષાબેન સોનીના પતિ શૈલેષભાઈને માર્ગ અકસ્માતમાં ગંભીર ઈજા પહોંચી હોવાથી તેઓ પથારીવશ છે. ત્યારે મહિલા સેકટર-૮ ખાતે મહાદેવ મંદિર ખાતે દર્શાનાર્થે જતા હતા. તે સમયે તેમને કાંતિભાઈ છીતુભાઈ પરમાર (રહે. કિશ્રા પાર્ક સોસાયટી વાઘોડીયા રોડ વડોદરા) સાથે થયો હતો. શૈલેષભાઈએ દવાથી આરામ થતો ન હોય તો દુવાથી અને તાંત્રિક વિધી કરવાની સાજા કરવાની વાત મહિલાને કરી હતી. ઉષાબેને પતિ ઝડપી સ્વસ્થ થઈ જાય તે માટે ઘરે તાંત્રિક વિધી કરાવી હતી.તે પછી કાંતિ પરમારે પરિવારનો વિશ્વાસ જીતી લીધો હતો. ત્યારબાદ કાંતિએ કહ્યું કે તમારા બાળકોને વિદેશ મોકલવા હોય તો મને કહેજો હું વિઝા એજન્ટની પણ કામગીરી કરુ છુ. આ માટે તેણે રૂ.૨૭ લાખની માંગ કરીને તાંત્રિકે તેની પત્ની અને દિકરા સાથે પણ ઓળખાણ કરાવી હતી. ઠગબાજ કાંતિના ચક્વ્યુહમાં આવી ગયેલા ઉપાબેને તા. ૪-૯-૧૯ થી લઈને તા.૨૫-૬-૨૦દરમિયાન ટુકેડ ટુકડે કરીને કાંતિ પરમારની સેવન સુર કંપની અને તેના દિકરા જીગરના એકાઉન્ટમાં રૂ.૨૬.૫૦ લાખ ટ્રાન્સફર કર્યા હતા. જયારે સોની પરિવારના બાળકોના પાસપોર્ટ સહિતના કાગળો લઈ લીધા હતા. જો કે પુત્ર એ કોલેજ પુરી કરી ન હતી અને દિકરી નોકરી કરતી હોવાથી અને કોરોના મહામારી ચાલી રહી હતી.જેથી ઉષાબેને રૂપીયાની માંગ કરી હતી. પરંતુ કાંતિએ અન્ય ત્રણ બાળકોના ખાતામાં બેલેન્સ બતાવવા માટે મુક્યા છે. જેથી ફાઈલ કલીયર થઈ ગયા બાદ રૂપીયા પાછા આપી દેવાની બાંયધરી આપી હતી. ત્યારબાદ ઓકટોબર-૨૦ માં કાંતિ પરમારનો દિકરો જીગર લંડન જતો હોવાથી ઉષાબેન તેને મળવા માટે એરપોર્ટ પણ ગયા હતા. તે સમયે પણ કાંતિએ અન્ય દિકરાઓના એકાઉન્ટમાં રૂપીયા બેલેન્સ માટે મુક્યા હોવાનું કહી પુત્ર જીગરની ફાઈલ વહેલી મુકી હોવાથી વીઝા મળી ગયા હોવાનું કહીને થોડા દિવસમાં પૈસા પરત આપવાની વાત કરી હતી. થોડા દિવસ પછી કાંતિ પરમાર માત્ર બે લાખ પરત કર્યા હતા. સોની પરિવાર દ્વારા રૂપીયાની ઉઘરાણી કરવા છતા કાંતિ રૂપીયા પરત આપી રહ્યો ન હતો. જયારે ડિસેમ્બર-૨૦૨૧ માં કોરોના થતા કાંતિ પરમારનું હાર્ટ એટેક ને પગલે મૃત્યુ થયુ હતું. તે સમયે કાંતિ પરમારનો દિકરો લંડનથી પરત આવતા ઉષાબેને પૈસા પરત માટે માંગ કરી હતી. કારણ કે જીગરના એકાઉન્ટમાં પણ મહિલાએ જે તે સમયે રૂ.૧૨ લાખ ટ્રાન્સફર કર્યા હતા. જયારે કાંતિ પરમારની પત્ની શેલ્વી પાસે તા.૧ ફેબુઆરીના રોજ ઉષાબેને રૂપીયા પરત માંગતા જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી ઉષાબેને ઈન્ફોસીટી પોલીસ મથકે મૃતક કાંતિ પરમારના દિકરા જીગર અને પત્ની સામે ફરીયાદ નોંધાઈ છે.

રક્ષા કર્મચારીઓને અપાતું વિજળી ભથ્થું ૨૦૧૭થી બંધ કર્યું

રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલે પૂછેલા પ્રશ્નના જવાબમાં રક્ષા મંત્રાલયે કબુલ્યું

ગાંધીનગર તા.૦૮

દેશની સુરક્ષા માટે દિવસ રાત ખડેપગે તૈનાત રહેતા રક્ષા કર્મીઓની વર્ષોથી મળતું વીજળી ભથ્થું કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭થી બંધ કરી દેવામાં આવ્યું છે તે બાબતનો ઘટસ્ફોટ તાજેતરમાં ગુજરાત કોંગ્રેસના રાજયસભાના સાંસદ તથા પૂર્વ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ દ્વારા સંસદમાં પૂછવામાં આવેલા એક પ્રશ્નના જવાબમાં પ્રાપ્ત થયો હતો. આ બાબતે શક્તિસિંહ ગોહિલ દ્વારા કેન્દ્ર સરકાર પર નાગરિકોને ભ્રમિત કરવાની બેવડી નીતિ અપનાવવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

સંસદના ચાલુ સત્રમાં શક્તિસિંહ ગોહિલ દ્વારા ગઈકાલ તા.૭મી ફેબ્રુઆરીના રોજ પૂછવામાં આવેલા અતારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન નં.૫૨૭માં તેમણે દેશના રક્ષાકર્મીઓને વર્ષ ૨૦૧૭ સુધી પહેલાં ૧૦૦ યુનિટ્સના વપરાશ સુધીનું વિજળી ભથ્થું મળતું હતું કે નહીં અને જો મળતું હતું તો તે ક્યારે અને કયા કારણથી બંધ કરવામાં આવ્યું અને તે ફરી આપવાનું શરૂ કરવાની કેન્દ્ર સરકારની કોઈ યોજના છે કે કેમ? પુછ્યું હતું. આ પ્રશ્નના જવાબમાં રક્ષા મંત્રાલય દ્વારા ટુંકો જવાબ આપવામાં આવ્યો છે જે અનુસાર આ પ્રકારનું વિજળી ભથ્થું આપવામાં આવતું હોવાની કબૂલાત સાથે તે તા.૧લી જુલાઈ ૨૦૧૭થી અમલમાં આવે તે રીતે તા.૬ જુલાઈ ૨૦૧૭ના રોજથી રક્ષાકર્મીઓને મળતું વિજળી ભથ્થું બંધ કરવામાં આવ્યું છે.

ખોરજમાં ઘર પાસેથી બુલેટ ચોરાયું

ખોરજ ગામના ભલાજી વાસ પાસે પાર્ક કરેલા બુલેટની ચોરી થતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. પોલીસે રૂ.૫૦ હજારના બુલેટ ચોરી અંગે ફરીયાદ નોંધી ચોર શખ્સને પકડવા માટે તજવીજ હાથ ધરી છે.ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં પણ વાહન ચોરીનો ઉપદ્રવ વધવા પામ્યો છે. ત્યારે ખોરજ ભલાજી વાસ ખાતે રહેતા ૩૩ વર્ષિય કેતન રવાજી ઠાકોર ખેતી અને પાન પાર્લર ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે કેતન પોતાના અંગત ઉપયોગ માટે ૩૫૦ કલાસીક બુલેટ નં. જી.જે.૧૮.ડી.ઈ.-૮૮૮૦ ખરીદ્યું હતું. ત્યારે કેતને ઘર પાસે ખુલ્લી જગ્યામાં ગત તા.૫ ના રોજ રાત્રીના ૯ વાગે બુલેટ પાર્ક કર્યું હતું. જયારે સવારે ૬ વાગે ઉઠીને જોયુ તો ઘર પાસે પાર્ક કરેલ બુલેટની ચોરી થઈ હતી. બુલેટ અંગે ગામમાં અને આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી.

ખોટા કોરોના રિપોર્ટ્સ આપીને ખાનગી કંપનીના કર્મચારીઓએ ઉત્તરાયણમાં રજા મેળવી..!!

કંપની દ્વારા લેબોરેટરીમાં ઊલટતપાસ માટે રિપોર્ટ્સ મોકલાયા ત્યારે પ્રકરણ બહાર આવ્યું : રિપોર્ટ્સમાં કોમ્પ્યુટર દ્વારા છેડખાની કરીને નામ બદલી કલર ઝેરોક્સ કઢાવી સબમિટ કરાયા

ગાંધીનગર, તા.૦૮

એક તરફ કોરોના મહામારી મહામારીએ અત્યાર સુધીમાં અનેક નાગરિકોનો કવેળાએ ભોગ લીધો છે જેના કારણે તેમના પરિવારો પર આફત તુટી પડવા પામી છે. અત્યાર સુધી સૌએ આ મહામારીની પહેલી, બીજી અને ત્રીજી લહેરનો ભારે મુશ્કેલીથી સામનો કર્યો છે જેમાં ત્રીજી લહેર તો હજુ ચાલુ જ છે. આજે પણ પરિવારમાં કોઈને કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવે તો સમગ્ર પરિવાર ચિંતાજનક સ્થિતિમાં મુકાઈ જાય છે જ્યારે આ પરિસ્થિતિમાં કેટલાંક વ્યક્તિઓ એવા પણ છે જેઓએ કોરોના મહામારીનો ઉપયોગ પોતાના નજીવા ફાયદા માટે કર્યો છે. ગાંધીનગરમાં ત્રીજી લહેર દરમ્યાન કેટલીક ખાનગી કંપનીઓના કર્મચારીઓ દ્વારા ઑફિસમાંથી રજા લેવા માટે કોરોના પોઝીટીવ હોવાના ખોટા સર્ટિફિકેટ રજૂ કરવામાં આવ્યાં હોવાનું બહાર આવ્યું છે.

ગાંધીનગરમાં કેટલીક ખાનગી કંપનીના કર્મચારીઓએ ઉત્તરાયણના સમયે વધુ રજા માણવા માટે પોતાની કંપનીમાં કોરોના પોઝિટિવ હોવાના ખોટા સર્ટિફિકેટ રજૂ કર્યા હોવાનું જાણવા મળ્યું છે.

આવા કર્મચારીઓ દ્વારા અન્ય કોઈ વ્યક્તિના ખાનગી લેબરેટરીમાં કરાવેલા આરટીપીસીઆર તથા સીટીસ્કેનના કોરોના પોઝિટિવ રિપોર્ટ્સ મેળવીને તે રિપોર્ટ્સમાં કોમ્પ્યુટર વડે છેડછાડ કરીને નામ તથા મોબાઈલ નંબર પોતાના નાખી તેની કલર ઝેરોક્સ કઢાવી કંપનીમાં આપીને અનુકૂળતા મુજબ રજા મેળવી હતી. આ આવા રિપોર્ટ્સ જયારે જે તે લેબોરેટરીમાં કંપની દ્વારા ઉલટ તપાસ માટે મોકલવામાં ત્યારે સમગ્ર પ્રકરણ બહાર આવવા પામ્યુ હતુ કેમકે લેબોરેટરીમાં આવા નામના કોઈપણ વ્યક્તિના કોરોના ટેસ્ટીંગ થયા હોવાનો રેકોર્ડ પ્રાપ્ત થયો નહોતો. લેબોરેટરીના સત્તાધીશોનો જવાબ સાંભળી ખાનગી કંપનીના અધિકારીઓ ચોંકી જવા પામ્યાં હતા. પ્રાપ્ત માહિતી અનુસાર કંપની દ્વારા આ પ્રકારના કર્મચારીઓ સામે પગલાં લેવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. ખરેખર તો જે મહામારીએ અનેક નાગરિકોનો ભોગ લીધો છે અને સમાજ જીવન પર પણ ઘેરી અસર છોડી છે તેનો ઉપયોગ આ કર્મચારીઓએ પોતાના નજીવા ફાયદા માટે કરીને આ મહામારીથી ત્રસ્ત પરિવારોની મજાક ઉડાવી છે.

કંપનીએ રિપોર્ટ્સ જેના તપાસમાં મોકલ્યાં અમારા રેકૉર્ડ્સમાં તે દર્દીના નામ જ નહોતાં

'અમારી લેબોરેટરીમાંકોરોના અંગે કરવામાં આવતા કોઈ પણ પ્રકારના ટેસ્ટિંગના તમામ રિપોર્ટ્સ નો રેકોર્ડ સુરક્ષિત રાખવામાં આવે છે. શહેરની કેટલીક ખાનગી કંપની દ્વારા અમારી લેબોરેટરીના ઈશ્યુ કરવામાં આવેલાં હોય તેવા જાન્યુઆરી માસના રિપોર્ટ્સની કોપી તપાસ માટે મોકલી હતી જે અંગે અમે અમારો રેકોર્ડ તપાસ્યો તો આવા કોઈ નામના વ્યક્તિએ અમારે ત્યાં ટેસ્ટીંગ કરાવ્યું હોય તેઓ ડેટા મળ્યો નહોતો. આ અંગે વધુ તપાસ કરતા ખબર પડી કે જે અમારી લેબોરેટરીમાં જે વ્યક્તિઓ તો કૌરવના પોઝિટિવ રિપોર્ટ આવ્યાં હતા તેવી વ્યક્તિઓના રિપોર્ટ્સનો ઉપયોગ કરીને તેમાં કોમ્પ્યુટર દ્વારા છેડખાની કરીને દર્દીનું નામ, તારીખ તેમજ મોબાઈલ નંબર બદલી નાખવામાં આવ્યાં હતાં અને તેની કલર ઝેરોક્સ કઢાવીને કંપનીમાં સબમિટ કરવામાં આવી હતી.

મહેન્દ્ર ગજ્જર, સંચાલક, ગ્રીન કોસ જેનેટિક લેબોરેટરી

કેઆઈઆરસી કેમ્પસ ખાતે મૂટ કોર્ટ અને પોક્સો વિષયે વ્યાખ્યાન યોજાયું

યુવા વિદ્યાર્થીઓને કાયદાની સમજ મળે તેમજ નવી પેઢીના બાળકો જાતીય શોષણ પ્રત્યે જાગૃત બને જેથી આ પ્રકારની ગુનાખોરી પર નિયંત્રણ સાધી શકાય તે માટે જરૂરી બનતું જાય છે. ગાંધીનગરના કલોલ ખાતેના કેઆઈઆરસી કેમ્પસ, અનન્યા કોલેજ ઓફ કોમર્સ એન્ડ લૉ ખાતે તા. ૮મી ફેબ્રુઆરી મંગળવારના રોજ મૂટ કોર્ટનું ઉદ્ઘાટન તેમજ પોક્સો વિષયે વ્યાખ્યાન યોજાયાં હતા. આ પ્રસંગે પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ તેમજ તાલુકા કાનુની સેવા સત્તા મંડળના અધ્યક્ષ કુ. ડી. એસ. ઠાકર, એડિશનલ સિનિયર સિવિલ જજ એ. એન. ગજ્જર, બીજા એડિશનલ સિનિયર સિવિલ જજ એ. એ. શેખ, એડિશનલ સિવિલ જજ સંજીવ કુમાર, બીજા એડિશનલ સિવિલ જજ દિપેશ મીત્તલ, કેઆઈઆરસીના મેનેજીંગ ડિરેકટર ડો. અતુલ પટેલ અને એક્ઝિક્યુટિવ ચેરમેન ડૉ. ચેતન વોરાની ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પણ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.